

ગુણોત્સવ - ગાંધીનગર શહેર-જિલ્લામાં ગુણોત્સવ છવાયો હતો... મુખ્ય સચિવ ડૉ. જે. એમ સિંઘ સહિત અધિકારીઓ અને તજજ્ઞો સવારથી જ શિક્ષણના મૂલ્યાંકનમાં જોતરાયા હતા... બાળકોને વર્ષ દરમિયાન અપાતા શિક્ષણમાં કેવી અને કેટલી ગતિ-પ્રગતિ છે તેના મૂલ્યાંકન માટે રાજ્યભરમાં આરંભાયેલ અભિયાનમાં ગાંધીનગર પણ લગોલગ રહ્યું હતું... મૂલ્યાંકન દરમિયાન વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ ઉત્સાહભેર ભાગ લીધો....

# રાજ્યભરમાં ફી ઘટાડાની દરખાસ્તનું સૂરસૂરીયું

**ગાંધીનગર જિલ્લાની ૬ ખાનગી શાળાઓમાં ફીનો દર નક્કી કરાયો : નિયત કમિટીએ ૨૦ થી ૫૪ હજાર સુધીની ફી નક્કી કરી : આગામી દિવસોમાં દરખાસ્ત હેઠળની અન્ય શાળાઓમાં પણ ફી નિયત ફી જાહેર કરાશે : શાળાઓ કમિટીએ નક્કી કરેલી ફી જ ઉઘરાવી શકશે**

ગાંધીનગર તા ૬

સરકારના ફી નિયમન કાયદાને અનુલક્ષી સરકારી ધારાધોરણ કરતા વધુ ફી વસુલવા માટે અગાઉ શાળા કક્ષાએથી ફી કમિટી સમક્ષ દરખાસ્તો રજુ કરવામાં આવી હતી. જયારે આ દરખાસ્તમાં શાળાઓ દ્વારા જુદા જુદા કારણો પણ દર્શાવાયા હતા. આ દરખાસ્તોને ધ્યાને લઇ ફી નિર્ધારણ કમિટીએ શાળાઓની ફી નિયત કરી દીધી હોવાની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ગાંધીનગર જિલ્લાની ૬ ખાનગી શાળાઓને અનુલક્ષી રૂ ૨૦ હજાર થી લઇ ૫૪ હજાર સુધીની ફી નક્કી કરવામાં આવી છે. જયારે હવે આ મુજબ જ શાળાઓ ફી ઉઘરાવી શકશે.

શાળાઓમાં ફી નિયમુ અનુસાર વસુલવામાં આવે તે માટે સરકાર દ્વારા ગત વર્ષ દરમિયાન વિધાનસભામાં વિધેયક પસાર કરી ફી નિયમન અંગે કાયદો ઘડયો હતો. જયારે આ અંગેના નિયમોનો યોગ્ય અમલ થાય તે માટે જિલ્લા શિક્ષણાધિકારીઓને પણ જરૂરી સુચના આપવામાં આવી હતી. જયારે સરકારી ધારાધોરણ કરતા વધુ ફી અંગે ફી નિર્ધારણ કમિટીને દરખાસ્ત કરવા માટે પણ સુચવાયુ હતુ. જેમાં પ્રાથમિકમાં ૧૫ હજાર અને માધ્યમિકમાં ૨૫ હજાર જયારે ઉચ્ચતર માધ્યમિકમાં ૩૦ હજાર કરતા વધુ ફી ઉઘરાવવા માંગતી શાળાઓએ ફી વધારાના કારણો દર્શાવીને નિયત સમયમાં કમિટીને દરખાસ્ત સુપ્રત કરવા જણાંવાયુ હતુ. જયારે ગાંધીનગર જિલ્લાની કેટલીક શાળાઓએ સુવિધાને ધ્યાને લઇ ફી વધારા માટે કમિટીને દરખાસ્ત કરી હતી. જે અન્વયે ફી નિયમન કમિટીએ આજે અમુક શાળાઓ માટે ફી નિયત કરી છે. ગાંધીનગર જિલ્લાની ૬ શાળાઓ માટે પણ કમિટીએ ફીના ધારાધોરણ આખરી કરી દીધા છે. જેમાં ગાંધીનગર ઇન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજે ઉચ્ચતર માધ્યમિક અને પ્રાથમિક અને માધ્યમિક વિભાગની ૪૫ હજાર અને ઉચ્ચતર માટે ૪૮

● અનુસંધાન પાન-૭ પર

# બાળકોને અપાતી ટ્રાન્સપોર્ટેશનની સુવિધાની જાણકારી મેળવતા મુખ્ય સચિવ



ગાંધીનગર, તા. ૬

રાજ્યના મુખ્ય સચિવ જે.એન. સિંઘે આજે ગુણોત્સવ દરમ્યાન જ્ઞાનકુંજ પ્રોજેક્ટ, મધ્યાહન ભોજન યોજના, ગુણવત્તાસભર શિક્ષણ આપવા સામેના પડકારો તેમજ જળસંચયને મહત્વ આપવા ગાંધીનગર શહેરમાં ગ્રીન સ્કુલ પ્રોજેક્ટ્સ અમલમાં મુકવા માટેની દરખાસ્ત તૈયાર કરવા પણ જણાવ્યું હતું.

તેમણે આજે સર્વ શિક્ષા અભિયાન દ્વારા અપાતી ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમની પણ નાની-નાની બાબતોને લઈ પૃચ્છા કરી હતી.

મુખ્ય સચિવ સિંઘે રમત-ગમતનું મેદાન જોઈ ખુશી વ્યક્ત કરી હતી પરંતુ સરકારી શાળાઓ ઘટતી જતી વિદ્યાર્થીઓની સંખ્યાને લઈ એટલી જ ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યુ કે સારી આંતર માળખાકીય સુવિધાઓ સરકારી શાળાઓમાં છે અને ગુણવત્તાસભર શિક્ષણ અપાય છે તે વાત લોકો સુધી પહોંચાડવી પડશે.

તેમણે આજના ગુણોત્સવ દરમ્યાન બાળકોમાં આત્મવિશ્વાસ વધે તે દિશામાં શિક્ષકોને વધુ ધ્યાન આપવા પર ભાર મુક્યો હતો.

જ્ઞાનકુંજ પ્રોજેક્ટ પછી ગણિત સરળતાથી ભણો તે માટે તેમણે જરૂરી સહયોગ સરકાર આપશે તેવી વાત કરી હતી. જ્ઞાનકુંજ પ્રોજેક્ટ પછી બાળકની કલ્પનાશક્તિ અને વધુ જિજ્ઞાસાવૃત્તિ ખુલતી હોવાનુ શિક્ષકોના તારણ સાથે સહમતિ દર્શાવી હતી.

બાળકોમાં વધુ જિજ્ઞાસાવૃત્તિ જાગૃત થાય તે જ સાચી કેળવણીનો અભિગમ હોવાનું કહેતા બાળકોના સર્વાંગી વિકાસમાં શિક્ષકની ભૂમિકાને લઈ મહત્વની વાતો શિક્ષકો સાથે કરી હતી.

# મનપા તેના હસ્તકના બગીચા પીપીપી મોડેલથી વિકસાવી સંચાલન માટે સોંપશે

**આવકનો નવો સ્રોત શોધવામાં સ્થાયી સમિતિને સફળતા : ૧૩ કામો મંજૂર કરાયા**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગર પાલિકા હવે તેના મળેલ બગીચાઓને પી.પી.પી. મોડેલથી ડેવલપ કરી અને સંચાલન સોંપી તેમાંથી આવક મેળવશે.

આજે મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં આ મુદ્દે ચર્ચાઓ થઈ હતી. સે. ૨૮ના બાલોદ્યાનનું નવીનીકરણ પૂર્ણ થયે બગીચાનું સમગ્ર સંચાલન કરવા બાબતે એજન્સીનું ટેન્ડર મંજૂર કરવાની ચર્ચા દરમ્યાન વિવિધ સેક્ટરોના બગીચાનો મુદ્દો પણ ચર્ચાયો હતો.

આ બગીચાઓને પી.પી.પી. મોડેલથી વિકસાવી અને તેનું સંચાલન સોંપી આવક મનપાને મળે તેવો નિર્ણય થયો હતો. હાલ શહેરના વિવિધ બગીચાઓનું રિનોવેશન કરવાની કામગીરી હાથ ઉપર છે.

આજની સ્થાયી સમિતિની બેઠકમાં ડોર ટુ ડોર કલેક્શન

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા આયોજન સમિતિની પહેલીવાર બેઠક મળી

**માનવ-વિકાસ સૂચકાંકમાં ખૂટતી કડીઓ માટે ૧૫ મે પહેલાં ચૂંટાયેલા સભ્યોનો શિબિર યોજવા, વર્ષમાં બે વાર બેઠક યોજવા સહિતના મહત્વના નિર્ણયો લેવાયા : બક્ષીપંચના ગરીબ ગામોમાં પાણીના કામો માટે ધારાસભ્યોની ગ્રાન્ટમાંથી રકમ ફાળવવા સરકાર મંજૂરી આપે અથવા લોકફાળાનો ખર્ચ સરકાર ઉઠાવે તેવી ડો. સી.જે. ચાવડાની માંગ**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા આયોજન સમિતિની આજે એક દસક કરતાં પણ વધુ સમય બાદ ચૂંટાયેલા સભ્યોની પ્રથમ બેઠક કલેક્ટર કચેરીમાં જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરના અધ્યક્ષસ્થાને મળી હતી.

આ બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ હવે સમિતિની બેઠક વર્ષમાં બે વાર મળશે. આ સમિતિમાં લાંબાગાળાના આયોજનોના કામોની ચર્ચા કરી અને આયોજન મંડળને તે મંજૂર કરવા માટે ભલામણ કરશે.

આ ઉપરાંત માનવ વિકાસ સૂચકાંકના સુધારામાં જે ખૂટતી કડીઓ છે તેને અનુરૂપ આયોજન કરવા પર પણ આ બેઠકમાં ભાર મુકવામાં આવ્યો હતો. માનવ વિકાસ સૂચકાંક અંગે થયેલા અભ્યાસ અને તેના તારણોની સમજૂતિ આપવા માટે ૧૫મી મે સુધીમાં એક ચૂંટાયેલા સભ્યોનો શિબિર કરવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો હતો.

ખાસ કરીને પાણીની સુવિધાઓ માટે કોઝ-વે, ચેકડેમ બનાવવા ઉપરાંત નદી પર થઈ અંતર ઘટાડવા માટે બ્રીજ નિર્માણના કામોને લઈ પણ આ બેઠકમાં ચર્ચાઓ થઈ હતી. માનવ વિકાસ સૂચકાંક માટે મહત્વના માપદંડ એવા શિક્ષણ, આરોગ્ય, આંતર માળખાકીય સુવિધાઓમાં થયેલા વધારા સહિતના મુદ્દાઓની ચર્ચાઓ મુક્તમને ચૂંટાયેલા સભ્યોની શિબિરમાં થશે તેમ રામાજી ઠાકોરે જણાવ્યુ હતુ.

આ ઉપરાંત આજની આયોજન સમિતિની બેઠકમાં સી.સી.રોડ, વીજળીકરણના કામો

● અનુસંધાન પાન-૭ પર




ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

## નામ બદલેલ છે

મારી અટક નામ મોચી દિનેશકુમાર રણછોડભાઈ હતું તે બદલીને ચૌહાણ દિનેશકુમાર રણછોડદાસ રાખેલ છે.

લી.
**ચૌહાણ દિનેશકુમાર રણછોડદાસ**
બ્લોક નં. ૧૪૩/૫, 'બી-૧' ટાઈપ, સેક્ટર-૨૩, ગાંધીનગર

# વર્ષાન્તે ફાઈવ સ્ટાર હોટલ તૈયાર થઈ જશે

**રેલવે સ્ટેશન નજીક નિર્માણ પામતી હોટલમાં આગામી વાઇબ્રન્ટ સમિટમાં દેશ વિદેશના મહાનુભાવો રોકાણ કરશે : સ્ટેશનના વિકાસ સાથે આ વિસ્તારનો નઝારો બદલાશે : રેલવે બોર્ડના ચેરમેન અશ્વિની લોહાણીએ મહત્વની જાહેરાત કરી**

ગાંધીનગર તા ૬

ગાંધીનગરની આગવી ઓળખ સમા મહાત્મા મંદિર નજીક ફાઈવ સ્ટાર હોટલનુ નિર્માણ કરવામાં આવી રહયુ છે. રેલવે સ્ટેશનને અનુલક્ષી સ્ટેશન વિકાસના પ્રોજેક્ટ અંતર્ગત આ ફાઈવ સ્ટાર હોટલના નિર્માણનુ કામ બે વર્ષમાં પુર્ણ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારે આગામી વાઈબ્રન્ટ સમિટ પુર્વે આ હોટલનુ કામ પુર્ણ કરી દેવાશે. રેલવે બોર્ડના ચેરમેને આજે આગામી ડિસેમ્બર ૨૦૧૮ સુધીમાં હોટલ નિર્માણનુ કામ પુર્ણ કરી દેવાશે તેવી જાહેરાત કરી હતી. આગામી વાઈબ્રન્ટ સમિટમાં દેશ વિદેશમાંથી આવનારા મહાનુભાવો આ હોટલમાં રોકાણ કરશે.

ગાંધીનગરના ખુંણે હાંસિયામાં ધકેલાઈ ગયેલા કેપિટલ સ્ટેશન પર દાયકાઓના અંતે મુસાફરલક્ષી સુવિધાઓ ઉભી થઈ શકી નથી. જયારે અનેક રેલ બજેટોના અંતે પણ ગાંધીનગરના પોકેટમાં વિશેષ ટ્રેઈન સેવા પણ આવી નથી. હાલ સ્ટેશન પર રોજ ચાર ટ્રેઈનની અવરજવર રહે છે. જયારે ગત વર્ષે સ્ટેશનને અનુલક્ષી આ ઠેકાણે અદ્યતન ફાઈવ સ્ટાર હોટલ બનાવાની યોજનાનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે હોટલને અનુલક્ષી સ્ટેશનની સુવિધાઓ પણ અપગ્રેડ કરવા સહીત સ્ટેશન વિકાસની યોજનાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. મહાત્મા મંદિર ખાતે યોજાતી વાઈબ્રન્ટ સમિટ તેમજ સ્ટેશનને અનુલક્ષી નવીન હોટલના નિર્માણની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો છે. રેલવે સ્ટેશન વિસ્તારમાં આ હાઈટેક હોટલનુ નિર્માણ થયા બાદ આ વિસ્તારની રોનક બદલાઈ જશે. ફાઈવ સ્ટાર હોટલનુ કામ આગામી ડિસેમ્બર ૨૦૧૮ સુધીમાં પુર્ણ કરી દેવાશે. શહેરમાં ફાઈવ સ્ટાર હોટલના નિર્માણ બાદ બિઝનેસને લગતા નવા આયામો પણ ખુલશે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા ક્ષતિયુક્ત હોવાનો તંત્રએ આડકતરો એકરાર કર્યો

**શહેર જિલ્લામાં પાણીની સમસ્યા નથી : પરબતભાઈ પટેલ, પાણીની વિતરણ વ્યવસ્થા મનપાને સોંપી દો, પુરા ફોર્સથી પાણી સપ્લાય કરો : ડો. સી.જે. ચાવડા**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થામાં ક્ષતિ હોવાનો આડકતરો એકરાર પાણી પુરવઠા વિભાગે કર્યા પછી પણ રાજ્યના જળસંપત્તિ મંત્રી પરબતભાઈ પટેલે જિલ્લામાં જુલાઈ સુધી પીવાના પાણીની કોઈ તકલીફ નહિ પડે તેવી જાહેરાત કરી હતી.

આજે જિલ્લામાં પાણી-પુરવઠા અને સિંચાઈની સ્થિતિની સમીક્ષા બેઠકમાં ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ શહેરમાં પુરા ફોર્સથી પાણીનો સપ્લાય કેમ મળતો નથી તે પ્રશ્ન ઉભો કરી અને તંત્રને ઘેર્યુ હતુ. ડૉ. ચાવડાએ જણાવ્યુ હતુ કે ગાંધીનગર શહેરમાં પેયજળનો પુરવઠો નર્મદા કેનાલ ઉપરાંત સંત સરોવર તેમજ વિવિધ સેક્ટરોના બોર દ્વારા પુરો પાડવામાં આવે છે છતાં આ પરિસ્થિતિ સમજમાં આવતી નથી.

ડૉ. ચાવડાએ એક તબક્કે બેઠકમાં પાણી વિતરણની કામગીરી મનપાને સોંપી દેવામાં આવે તેવી તીવ્ર માંગ કરી જણાવ્યુ હતુ કે સરકાર પાસે સ્ટાફ નથી, મનપા પાસે સ્ટાફ નથી. સરકાર કહે છે પાણીની તકલીફ નથી તો હકીકત શું છે તે સમજાતી નથી. ફરિયાદોનું નિરાકરણ થતુ નથી.

તંત્રએ શહેરમાં વધતા જતા વસ્તીના ભારણને આગળ કરી વિતરણ વ્યવસ્થામાં સુધારાની જરૂરિયાત હોવાનું આડકતરૂ કબુલ્યુ હતુ.

ગાંધીનગર જિલ્લામાં આજે પણ ૧૨૦થી વધુ ગામો નર્મદાનું

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટરવાસીઓને પાણી-ગટરના બીલ વિના વળતરનો લાભ ન મળ્યો !

**સેક્ટરોમાં ઘણાં રહીશોને વેરાનુ બીલ મળ્યુ જ નથી**

ગાંધીનગર તા ૬

પાણી ગટર વેરાની વસુલાત ઝુંબેશના અંતે પણ નબળુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. ગત માર્ચ મહીનામાં યોજાયેલી વેરા વસુલાતની ઝુંબેશના અંતે વસુલાત ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી થઈ શકી ન હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે સેક્ટરોમાં આમ નાગરિકોને સમયસર વેરાના બીલ ન મળતા વળતરનો લાભ પણ મળ્યો ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

શહેરમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે પાણી ગટરની આવશ્યક સેવાને અનુલક્ષી તંત્ર દ્વારા પ્રતિવર્ષ એડવાન્સ વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. આ વેરા વસુલાત ઝુંબેશ અન્વયે જોડાણકર્તાઓને નિયત સમયમાં વેરો ચુકવવા માટે વળતરની ચુકવણી કરવામાં આવે છે. પરંતુ કેટલાક સેક્ટરોમાં રહીશોને વેરાનુ બીલ ન મળતા વળતરનો પણ લાભ મળ્યો ન હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. પાણી ગટર વેરાને અનુલક્ષી દરવર્ષે માર્ચ મહીના દરમિયાન ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. જયારે ગત માર્ચ મહીનામાં પણ પાણી ગટર

● અનુસંધાન પાન-૭ પર

Info City Club & Resort
SUMMER CAMP
HURRY UP!!
Starts 1st May, 2018
TENNIS GYM SWIMMING CRICKET
Following are the rates for summer camp - 30 days, starting from 1st May 2018 :-
1. Swimming:- Rs 2000/ + 18% GST
Morning:- 8:00 am – 9:00 am
Evening:- 6:00 pm-7:00 pm
2. GYM :- Rs 1500 + 18% GST
Age : 10 years to 16 years
Evening:- 5:30 pm – 7:00 pm
3. Lawn Tennis:- Rs 1500 + 18% GST
Morning:- 8:00 am – 9:00 am
Evening: 6:00 pm- 7:00 pm
4. Cricket:- Rs 1500 + 18% GST
Age : 5 years to 13 years
Evening:- 5:30 pm – 7:00 pm
* Limited Batches
* Flexible Timing
If any parents/guardian would like to continue with the activities after the summer Camp, then they need to buy the membership of the club.
TRAINING AND GUIDANCE BY CERTIFIED COACHES
CALL : +91 99099 06372
Infocity Club & Resort, CH-0 Indroda Circle, S.G. Highway, Gandhinagar - 382 009.
www.infocityclub.net
" SAY NO TO TOBACCO "
* Terms & Conditions Apply

જગ્યા ભાડે આપવાની છે
ઈન્ફોસીટી સુપર મોલ-૧, ગ્રાઉન્ડ ફ્લોર, જી-૫,
સબ-વેની બાજુમાં, આશરે ૨૩૩ ચો. ફુટ
મો. ૯૮૨૪૨ ૩૭૦૦૮

જગ્યા ભાડે આપવાની છે
પ્લોટ નં. ૧૦૧/૧/૪, જીઆઈડીસી, સેક્ટર-૨૮, ગાંધીનગર, જલારામ
આઈસ ફેક્ટરીની સામે, ગ્રાઉન્ડ ફ્લોર, (૧૨૦૦ ચો. ફુટ કારપેટ)
મો. ૯૮૨૪૨ ૩૭૦૦૮

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com